એક્સપાયરી ડેટની દવાઓ અને સુરક્ષાના પ્રશ્ને એબીવીપીનું 48 કલાકનું અલ્ટીમેટમ

સરદાર પટેલ યુનિવર્સિટીની ગર્લ્સ હોસ્ટેલમાં ગંભીર બેદરકારી સામે રોષ

રાણી લક્ષ્મીબાઈ હોસ્ટેલમાં રેક્ટરના પરિવારના વસવાટનો આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત રાણી લક્ષ્મીબાઈ ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓની સુરક્ષા, સ્વાસ્થ્ય અને પાયાની સુવિધાઓના અભાવ અંગે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જિલ્લા સંયોજક તિલક પટેલની આગેવાનીમાં કુલસચિવને પાઠવેલા આવેદનપત્રમાં હોસ્ટેલ

પ્રશાસનની અનેક ગંભીર ક્ષતિઓ ખુલ્લી પાડવામાં આવી છે અને જો 48 કલાકમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો લોકશાહી ઢબે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદની રજૂઆત મુજબ, હોસ્ટેલમાં મહિલા રેક્ટર યુનિવર્સિટીની કોઈ પણ સત્તાવાર મંજૂરી વગર પોતાના પરિવાર સાથે નિવાસ કરે છે, જે હોસ્ટેલના નિયમોનું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, હોસ્ટેલનું રિનોવેશન કામ પણ યુનિવર્સિટી પ્રશાસનની જાણ કે મંજૂરી વિના ચાલી રહ્યું હોવાનો આક્ષેપ કરાયો છે, જે કામગીરીમાં પારદર્શિતાનો અભાવ હોવાનું સૂચવે છે.

ચોંકાવનારી બાબત એ છે કે, હોસ્ટેલના ફર્સ્ટ એઇડ બોક્સમાં રહેલી અનેક દવાઓની એક્સપાયરી ડેટ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તે હજુ સુધી બદલવામાં આવી નથી. આ બાબત વિદ્યાર્થિનીઓના સ્વાસ્થ્ય માટે મોટું જોખમ ઊભું કરે છે. હોસ્ટેલમાં ફ્રી Wi-Fi ની સુવિધા કાગળ પર હોવા છતાં કાર્યરત નથી અને વેન્ડિંગ તેમજ ડિસ્પોઝલ મશીનો પણ લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી વિદ્યાર્થિનીઓને હાલાકી ભોગવવી પડી રહી છે.

એબીવીપી દ્વારા હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓની સુરક્ષાને ધ્યાને રાખીને મહિલા સિક્યુરિટી ગાર્ડની નિમણૂક કરવાની માંગણી પણ જોરશોરથી ઉઠાવવામાં આવી છે. પરિષદ દ્વારા સ્પષ્ટપણે જણાવાયું છે કે જો આ પડતર પ્રશ્નો અંગે આગામી બે દિવસમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો તેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી પ્રશાસનની રહેશે.

આણંદ - ખેડા જિલ્લાના 'રત્નો' આપત્તિ સામે લડવા સજ્જ

ચરોતરના ૧૨૦૦ યુવાન આપદા સામે લડવા તાલીમબદ્ધ કરાયાં

રાજ્યના ૧૭ જિલ્લાના ૪,૫૨૬ તાલીમબદ્ધ યુવાનોમાં આણંદ-ખેડાના સ્વયંસેવકોનો સમાવેશ

(પ્રતિનિધિ) આણંદ તા.14

ગુજરાત સરકાર દ્વારા કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ સામે નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શરૂ કરાયેલી 'યુવા આપદા મિત્ર સ્કીમ' અંતર્ગત ચરોતર પ્રદેશમાં આપત્તિ વ્યવસ્થાપનનું એક મજબૂત માળખું તૈયાર થઈ રહ્યું છે. આ યોજના હેઠળ રાજ્યના ૧૭ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં કુલ ૪,૫૨૬ યુવાનોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે, જેમાં આણંદ જિલ્લાના ૬૦૦ અને ખેડા જિલ્લાના ૬૦૦ મળી કુલ ૧૨૦૦ યુવાનો પૂર, વાવાઝોડું કે અન્ય અકસ્માતો સમયે ત્વરિત બચાવ કામગીરી માટે સજ્જ થયા છે.

આણંદ અને ખેડા જિલ્લાના ૧૨૦૦ યુવા સ્વયંસેવકોમાં એનસીસી, એનએસએસ, મેરા યુવા ભારત અને ભારત સ્કાઉટ એન્ડ ગાઈડના ઉત્સાહી યુવાનોનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે, આ નવી પેઢીમાં ૫૦ ટકા મહિલા ભાગીદારીનું વિશેષ લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જે આપત્તિ વ્યવસ્થાપનમાં નારી શક્તિની સક્રિય ભૂમિકા સૂચવે છે. ૧૮ થી ૪૦ વર્ષની વયના આ સ્થાનિક યુવાનોને SDRF અને માસ્ટર ટ્રેનર્સ દ્વારા ૦૭ દિવસની સઘન તાલીમ આપવામાં આવી છે. આ તાલીમ થકી જિલ્લામાં આપદા સમયે મદદરૂપ બનશે.

આપત્તિ સમયે તંત્રનો 'ફર્સ્ટ રિસ્પોન્ડર'

ભૂતકાળમાં કોવિડ-૧૯ અને પૂર જેવી સ્થિતિમાં આપદા મિત્રોની ભૂમિકા પ્રશંસનીય રહી છે. હવે આણંદ અને ખેડાના આ ૧૨૦૦ યુવાનો જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સાથે સંકલનમાં રહીને કોઈપણ કટોકટીના સમયે વહીવટી તંત્રના હાથબનીને કામ કરશે. સ્પીપા મારફત આ યુવાનોને આગામી સમયમાં એડવાન્સ તાલીમ પણ આપવામાં આવશે, જેથી તેઓ જટિલ રેસ્ક્યૂ ઓપરેશનમાં પણ નિષ્ણાત બની શકે.

અદ્યતન સાધનો-સામાજિક સુરક્ષાનું કવચ

તાલીમ પામેલા દરેક આપદા મિત્રને રૂ. ૧૦,૦૦૦ની કિંમતની 'ઇમરજન્સી રિસ્પોન્ડર કીટ' આપવામાં આવે છે, જેમાં લાઇફ જેકેટ, સોલાર ટોર્ચ, હેલ્મેટ અને ડિફેન્સ ક્વોલિટી દોરડા જેવા ૧૫ અનિવાર્ય સાધનો હોય છે. આ ઉપરાંત, સેવામાં જોડાયેલા આ યુવાનોની સુરક્ષા માટે સરકાર દ્વારા રૂ. ૦૫ લાખનું વીમા કવચ પણ પૂરું પાડવામાં આવે છે.

નડિયાદના રાજીવનગર સહિતની ૧૫ સોસાયટીઓ ગંદકીથી ત્રાહિમામ

નડિયાદના સાવલિયા પંપિંગ સ્ટેશન પાસે ગટરના પાણી ઉભરાતા હોબાળો

સવારે ડમ્પિંગ મોટર બંધ રહેતી હોવાથી રસ્તા પર 'મીની તળાવ' ભરાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદના વોર્ડ નંબર ૧૦માં આવેલા સાવલિયા પંપિંગ સ્ટેશન નજીક ગટરની વિકટ સમસ્યાને લઈને આજે સ્થાનિકોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. છેલ્લા બે-ત્રણ વર્ષથી સતત ઉભરાતી ગટરો અને રસ્તા પર ભરાતા દૂષિત પાણીના નિકાલ માટે પાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી ન કરાતા રહીશોએ 'હમારી માંગે પૂરી કરો' અને 'ગટર સમસ્યા દૂર કરો'ના નારા સાથે ભારે હોબાળો મચાવ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દરરોજ સવારે ડમ્પિંગની મોટર બંધ રાખવામાં આવતી હોવાથી ગટરનું દૂષિત અને દુર્ગંધયુક્ત પાણી જાહેર રસ્તા પર ફરી વળે છે, જેના કારણે કેનાલ તરફ જવાના માર્ગ પર 'મીની તળાવ' જેવી સ્થિતિ સર્જાય છે. આ માર્ગ પરથી રોજિંદા હજારો લોકોની અવરજવર હોય છે, જેમાં શાળાએ જતા માસૂમ બાળકો અને નોકરીયાત વર્ગને ભારે હાલાકી વેઠવી પડે છે. બાળકોને નાછૂટકે લાંબો ચકરાવો ખાઈને જવાની ફરજ પડી રહી છે. વર્ષ ૨૦૨૫માં લેખિત અને ઓનલાઈન ફરિયાદો કરવા છતાં તેમજ સ્થાનિક કોર્પોરેટરને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા માત્ર હંગામી કામગીરી કરીને સંતોષ માની લેવામાં આવે છે. આ અંગે સામાજિક કાર્યકર જિતેન્દ્રસિંહ રાજના જણાવ્યા મુજબ, જો કમિશનર આ બાબતે દરમિયાનગીરી કરી કાયમી ઉકેલ નહીં લાવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

રોગચાળો ફાટી નીકળવાની દહેશત

માર્ગ પર સતત ભરાઈ રહેલા ગટરના ગંદા પાણીને કારણે વિસ્તારમાં મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે અને અસહ્ય દુર્ગંધથી લોકોનું જીવવું દુષ્કર બન્યું છે. સ્થાનિકોમાં ભય છે કે જો આ ગંદકીનો નિકાલ નહીં થાય તો ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા જીવલેણ રોગચાળો ફાટી નીકળશે, જેની સંપૂર્ણ જવાબદારી પાલિકા તંત્રની રહેશે.

આણંદ જિલ્લામાંથી તડીપાર કરાયેલો રીઢો શખસ ઝડપાયો

આણંદ લોકલ ક્રાઇમ બ્રાંચે વાસદ પાસે જ દબોચી લીધો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને વાસદ પોલીસે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના કડક તડીપાર હુકમનો અનાદર કરનાર રીઢા ગુનેગારને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પાંચ જિલ્લાઓમાંથી એક વર્ષ માટે હદપાર કરાયેલો આ આરોપી પ્રતિબંધ હોવા છતાં જિલ્લામાં પ્રવેશતા જ પોલીસના સકંજામાં આવી ગયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાડગુડ રોડ પર અક્ષરધામ સોસાયટીમાં રહેતા ૪૬ વર્ષીય બહાદુરસિંહ અમરસિંહ રાઠોડ વિરૂદ્ધની ગુનાહિત પ્રવૃત્તિઓને ધ્યાને લઈ આણંદ રૂરલ પોલીસ દ્વારા તેને હદપાર કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ દરખાસ્તના આધારે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, આણંદ દ્વારા ગત ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ આરોપી બહાદુરસિંહને એક વર્ષ માટે આણંદ, ખેડા, વડોદરા, અમદાવાદ ગ્રામ્ય અને મહિસાગર એમ કુલ પાંચ જિલ્લાની હદમાંથી તડીપાર કરવાનો હુકમ કરી જામનગર મોકલી આપ્યો હતો.

આ તડીપાર હુકમ અમલમાં હોવા છતાં, આરોપી બહાદુરસિંહ કોઈપણ જાતની સરકારી મંજૂરી વિના આણંદ જિલ્લાના વડોદ ગામે પોતાના ફાર્મ હાઉસ પર આવી પહોંચ્યો હતો. ઉલ્લેખનીય છે કે, તે વાસદ પોલીસ સ્ટેશનના દારૂના એક મોટા ગુનામાં પણ સંડોવાયેલો હતો અને પોલીસની ધરપકડથી બચવા નાસતો ફરતો હતો. વાસદ પોલીસે પૂરતા પુરાવા એકત્રિત કરી આરોપીની ધરપકડ કરી છે.

ખંભાત એક વર્ષથી ગટર ઉભરાતાં રહીશોમાં રોષ

કાળી તલાવડીની નવી કોલોનીના રહિશોની વારંવાર રજૂઆત છતાં પરિસ્થિતિ જૈસે થે

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૪

ખંભાત તાલુકાના કાળી તલાવડી ગામની નવી કોલોની વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી ગટર ઉભરાવવાની ગંભીર સમસ્યા યથાવત રહેતાં રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક મહિલાઓના જણાવ્યા મુજબ, છેલ્લા એક વર્ષ દરમિયાન ગ્રામ પંચાયત, સરપંચ તેમજ તલાટીને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રની ઉદાસીનતાથી કંટાળેલા રહીશોએ ગામમાં વિરોધ પ્રદર્શન કરી 'હાય

રે સરપંચ, હાય'ના નારા લગાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

રહીશોના જણાવ્યા અનુસાર, ગટરનું ગંદુ પાણી રસ્તાઓ ઉપરાંત નજીકના ખેતરોમાં પણ ફરી વળતું હોવાથી ખેડૂતોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગંદકીના કારણે દુર્ગંધ, મચ્છરોનો ઉપદ્રવ અને ચેપી રોગો ફેલાવાનો ભય વધ્યો છે. અનેક વખત માત્ર આશ્વાસનો મળ્યા હોવાના આક્ષેપ સાથે રહીશોએ હવે તાત્કાલિક કામગીરી કરવાની માંગ ઉઠાવી છે.

સરપંચ મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે ગટરના કામ માટે ગ્રાન્ટ મંજૂર થઈ ચૂકી છે અને કોન્ટ્રાક્ટરને સૂચના આપવામાં આવી છે. ત્રણથી ચાર દિવસમાં કામગીરી શરૂ કરવામાં આવશે.

ખેડા-તારાપુર હાઈવે પર અધૂરા માટી પુરાણ અને ખુલ્લા ખાડાઓ અકસ્માતનો ભય

માતરમાં ગટર લાઈનની ગોકળગતિએ ચાલતી કામગીરીથી પારાવાર હાલાકી

સ્થાનિકો અને રાહદારીઓ માટે માથાનો દુખાવો બન્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

માતર તાલુકા મથકેથી પસાર થતા વ્યસ્ત ખેડા-તારાપુર હાઈવે પર લાખોના ખર્ચે ચાલી રહેલી ગટર લાઈનની કામગીરી છેલ્લા ઘણા સમયથી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. રોડની બંને બાજુ કરવામાં આવેલા અધૂરા માટી પુરાણ અને ખુલ્લા ખાડાઓના કારણે સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ હાઈવે પર બેંક, હોસ્પિટલ, પોલીસ સ્ટેશન અને ખાતર ડેપો જેવી મહત્વની

સંસ્થાઓ આવેલી છે, જ્યાં દરરોજ મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. હાલમાં રોડની એક તરફ ગટરનું કામ પૂર્ણ થયા બાદ માત્ર અડધી જગ્યાએ જ માટી પુરાણ કરાયું છે, જ્યારે બીજી તરફ કામ હજુ પણ ગોકળગતીએ ચાલુ છે. આ બેદરકારીને કારણે અગાઉ કેટલાક લોકો ખાડામાં પડવાની ઘટનાઓ પણ બની ચૂકી છે.

આ અધુરી કામગીરી અંગે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર જાગે તે હેતુથી ખેડા જિલ્લા કોંગ્રેસ અગ્રણી સંજય રાવ દ્વારા માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

જેમાં ગટર લાઈનનું કામ સત્વરે પૂર્ણ કરી લોકોને પડતી હાલાકી અને અકસ્માતના ભયમાંથી મુક્તિ અપાવવાની માંગ કરવામાં આવી છે.

કારમાં બોગસ નંબર પ્લેટ લગાડી દારૂ લાવતા ૧ ઝબ્બે

અરાલ પાસે રાજસ્થાની બુટલેગરની ધરપકડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ખેડા જિલ્લામાં પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા માટે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે કઠલાલ પોલીસ મથકની હદમાં આવેલ અરાલ ગ્રામ પંચાયત પાસે સફળ ઓપરેશન પાર પાડ્યું છે. બાતમીના આધારે હાથ ધરાયેલી નાકાબંધી દરમિયાન પોલીસે વિદેશી દારૂના જંગી જથ્થા સાથે રાજસ્થાનના એક બુટલેગરને ઝડપી પાડી કુલ 16.73 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળી હતી કે આંતરસુંબા તરફથી એક કારમાં દારૂનો જથ્થો પસાર થવાનો છે. પોલીસે અરાલ ગ્રામ પંચાયત નજીક વોચ ગોઠવી શંકાસ્પદ કારને કોર્ડન કરી રોકી હતી. આ કારની તલાશી લેતા વચ્ચેની સીટ અને ડીક્કીમાં છુપાવેલ વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો, બીયર ટીન અને પાઉચ મળી કુલ 2613 નંગ (કિંમત 6.63 લાખ) જથ્થો મળી આવ્યો હતો. પોલીસે 10 લાખની કાર, મોબાઈલ અને રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ચાલક રઘુનાથસિંહ રાઠોડ (રહે. રાજસ્થાન)ની અટકાયત કરી છે.

તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, ધરપકડથી બચવા બુટલેગરોએ કારની અસલી નંબર પ્લેટ (GJ 18 EC 6729) કાઢી તેના પર નકલી નંબર પ્લેટ (GJ 09 BH 1032) લગાવી હતી. આ ષડયંત્રમાં ગાંધીનગરના કાર માલિકની સંડોવણી પણ બહાર આવી છે. કઠલાલ પોલીસે ચાલક સહિત દારૂ મોકલનાર અને મંગાવનાર એમ કુલ 6 સામે ગુનો નોંધી 5 ને પકડવા તજવીજ હાથ ધરી છે.

'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી'નો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો

કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલ અને મંત્રી જીતુ વાઘાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ૩૦૪ વિદ્યાર્થીને પદવી એનાયત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

શ્વેત ક્રાંતિની ભૂમિ આણંદ ખાતે આવેલ એનડીડીબી કેમ્પસમાં સહકારી શિક્ષણને સમર્પિત ભારતની પ્રથમ રાષ્ટ્રીય યુનિવર્સિટી એવી 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી'નો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી મુરલીધર મોહોલના અધ્યક્ષસ્થાને અને ગુજરાતના સહકાર મંત્રી

જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં આયોજિત આ સમારોહમાં ૩૦૪ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી'ની ફાઉન્ડેશનલ સ્કૂલ 'ઈરમા' દ્વારા સંચાલિત એમબીએ (રુરલ મેનેજમેન્ટ)ના ૩૦૨ વિદ્યાર્થીઓ અને ૨ પીએચડી સ્કોલર્સને પદવી એનાયત કરાઈ હતી. આ બેચનું શત-પ્રતિશત (૧૦૦%) પ્લેસમેન્ટ થયું છે, જેમાં આંતરરાષ્ટ્રીય ઓફર રૂ. ૪૦.૬૮ લાખ સુધી પહોંચી છે. ચાલુ વર્ષે સરેરાશ વાર્ષિક મહેનતાણું રૂ. ૧૬.૩૪ લાખ રહ્યું હતું, જે અગાઉના વર્ષ કરતા ૩.૯૪% વધુ છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું હતું કે, સંસદ દ્વારા વર્ષ ૨૦૨૫માં ઈરમાને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો આપી 'ત્રિભુવન સહકારી યુનિવર્સિટી' તરીકે સ્થાપિત કરવી એ સહકાર ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ છે. તેમણે વિદ્યાર્થીઓને 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્ર સાથે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે આગામી પાંચ વર્ષમાં ૨ લાખ નવી સહકારી મંડળીઓ બનાવવાનો લક્ષ્યાંક છે, જેના કારણે ભવિષ્યમાં ૧૭ લાખ તાલીમબદ્ધ યુવાનોની જરૂરિયાત ઊભી થશે.

આ ઉપરાંત રાજ્યના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટી શિક્ષણનો નવો અધ્યાય લખી રહી છે. તેમણે યુવા સ્નાતકોને પોતાના જ્ઞાન અને કૌશલ્યનો ઉપયોગ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે કરવા વિશેષ અનુરોધ કર્યો હતો. આ સમારોહમાં શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે વિવિધ એવોર્ડ એનાયત કરાયા હતા, જેમાં નલ્લા સેનાપથી વી. ને 'ગોલ્ડ મેડલ' તથા અન્ય વિદ્યાર્થીઓને ફિલ્ડવર્ક અને મેનેજમેન્ટમાં શ્રેષ્ઠતા બદલ સન્માનિત કરાયા હતા. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. જે. એમ. વ્યાસે સંસ્થાની શૈક્ષણિક પ્રગતિનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે અમૂલના એમડી જયન મહેતા, ઈરમાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.

AMUL DAIRY, ANAND, GUJARAT, INDIA.
KAIRA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD
ANAND 388 001, Gujarat, India. Phone: (02692) 256124, 256224, 256324

Tender Notice

Kaira District Co-operative Milk Producers' Union Limited, Anand, popularly known as Amul Dairy having an annual tumover of Rs. 15,000+ crores, invites sealed tenders from eligible bidders for following activity.

Description	EMD	Duration
1. Hiring of Staff Bus (56 Seat) for Khatraj Plant.	Rs. 50,000/-	One year

The details of E-tender can be downloaded free of cost from the Website http://tender.amuldairy.com after online registration.

The on-line tender will be available for access from Dt. 15/07/2026 to Dt.21/07/2026.

The completed tender in physical form will be received up to 15.30 hours on 21/07/2026 by Senior Manager (Purchase), Amul Dairy, Anand 388 001, Gujarat, India.

Details regarding eligibility criteria, specifications and other conditions are available in the tender format from the above website. The Amul Dairy reserves the right to accept or reject any or all the tenders without assigning any reason thereof.

Date: 15/07/2026 Managing Director